**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૫૮/૨૦૨૨ ના કામે અરજદાર વૈભવ બેદ ની આંક–૧ ની અરજી નીચે હુકમ.**

---

૧. આ કામે હાલની અરજી અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એમ. જે. પટેલ ધ્વારા રજુ કરવામાં આવેલ છે. અરજીની હકીકતો ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર/આરોપીને ડી.આર.આઈ.ના ઓફીસરે તા. ૨૫/૦૭/૧૯ નારોજ અટક કરેલ હતા. ત્યારબાદ અરજદાર/આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૭(૨) મુજબની ડીફોલ્ટ બેલની અરજી અત્રેની અદાલતમાં રજુ કરતા નામદાર કોર્ટે તેઓને શરતોને આધીન ડીફોલ્ટ જામીન ઉપર શરતોને આધીન મુકત કરેલ હતા. જેમાં શરત નં.૫ મુજબ '' અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની કોર્ટમાં જામીન પર મુકત થયા બાદ દિન–૫ માં જમા કરાવી દેવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું '' તેમજ શરત નં. ૬ મુજબ '' અરજદારે કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી '' તે મુજબની શરતો ફરમાવેલ હતી. વધુમાં તેઓની રજુઆત છે કે, તેઓને અટક કરેલ ત્યારથી આજદીન સુધી અરજદાર/આરોપી સામે તપાસ કરનાર અધિકારીએ કોઈ ફરીયાદ દાખલ કરેલ નથી. તેમજે અરજદાર/આરોપીએ ના. કોર્ટના હુકમની શરતોનું નિયમીત પાલન કરેલ છે અને નામદાર કોર્ટના હુકમ મુજબ તેઓએ પાસપોર્ટ નામદાર કોર્ટમાં જમા કરાવી દીધેલ છે અને કોઈપણ શરતોનો ભંગ કરેલ નથી. વળી અરજદાર/આરોપી નાસીભાગી જાય તેમ નથી અને તેઓને બીઝનેશના હેતુથી અવારનવાર વિદેશ જવાનું થાય છે. જેથી તેઓને નામ.કોર્ટે જામીન મુકત કરતી વખતે મુકેલ શરત નં.૫ મુજબ '' અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની કોર્ટમાં જામીન પર મુકત થયા બાદ દિન–૫ માં જમા કરાવી દેવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું '' તેમજ શરત નં. ૬ મુજબ '' અરજદારે કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી '' તે શરત કાયમી ધોરણે ડીલીટ કરવા વિનંતી કરેલ છે.

૨. અરજી સંબંધે સામાવાળાને નોટિસ કાઢતાં નોટિસ બજી, જતાં સામાવાળા તરફે વિ.વ.શ્રી એસ.કે.ગુપ્તા હાજર થયેલ છે અને અરજી સામે વાંધો ઉઠાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફે એફીડેવીટ ઈન રીપ્લાય રજુ કરેલ છે અને જણાવેલ છે કે, અરજદાર / આરોપીએ ખુબજ મોટા પ્રમાણમાં આર્થિક ગુનો કરેલ હોય જેની તપાસ હજુ ચાલુ છે. વળી અરજદાર/ આરોપીને જામીન મુકત થતા સમયે નામદાર કોર્ટે શરતો ફરમાવેલ છે આ સંજોગોમાં તેમાં ફેરફાર થઈ શકે તેમ નથી. વધુમાં આરોપીને જયારે પરદેશ જવું હોય ત્યારે તેઓ હંગામી ધોરણે જરુર પડેથી કારણ સહીત પાસપોર્ટ માંગી શકે તેમ છે પરંતુ આ પ્રકારે કાયમી ધોરણે પાસપોર્ટ પરત આપવાથી કેસને ઘણું નુકશાન થાય તેમ હોય અરજી નામંજુર કરવી જોઈએ.

૩. હાલના કામે બંને પક્ષકારોને સાંભળ્યા. અરજી તેમજ જામીનના હુકમની વિગત ધ્યાનમાં લીધી. આ કામે આરોપીને તા.૨૩/૦૯/૨૦૧૯ નારોજ ડીફોલ્ટ જામીન ઉપર મુકત કરવામાં આવેલા તે સમયે હુકમની શરત નં.૫ મુજબ '' અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની કોર્ટમાં જામીન પર મુકત થયા બાદ દિન–૫ માં જમા કરાવી દેવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું '' તેમજ શરત નં. ૬ મુજબ '' અરજદારે કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી '' તે અંગેની શરત મુકવામાં આવેલ હતી. હવે હાલની અરજી કરી અરજદારે પાસપોર્ટ કાયમી ધોરણે પરત માંગેલ છે અને જણાવેલ છે કે તેઓને અવારનવાર વિદેશ જવાની જરુરીયાત રહે છે જેથી પાસપોર્ટ પરત આપવો જોઈએ. પરંતુ જામીન ઉપર છુટયા બાદ અરજદારને કેટલી વખત વિદેશ જવાની જરુરીયાત પડેલ તે બાબત અરજદારે પોતાની અરજીમાં કે મૌખિક રજુઆતમાં કોઈ પ્રકાશ પાડેલ નથી. વળી હાલમાં અરજદારને કયા દેશમાં કયા કામથી જવું છે તે બાબતે પોતાની અરજી કે મૌખિક રજુઆતમાં પણ જણાવેલ નથી. આમ, હાલની શરત રદ કરવાનું કોઈ વાજબી કારણ આ કામે અરજદાર જણાવી શકેલ નથી. વળી આ કામે જામીનની શરતોના ભાગ રુપે પાસપોર્ટ જમા કરાવેલો છે. વધુમાં આ કામે અરજદારની રજુઆત છે કે, ઘણાં સમયથી ફરીયાદપક્ષે ફરીયાદ દાખલ

કરેલ નથી. તે વાતમાં તથ્ય જણાય છે. પરંતુ  આ કામે પ્રોસીકયુશન ફાઈલ કરવા માટે કાયદામાં કોઈ સમયમર્યાદા નિર્ણિત કરેલ નથી  જેથી તે રીતે પણ કાયમી ધોરણે પાસપોર્ટ પરત આપવો વાજબી જણાતો  નથી. વધુમાં  જયારે પણ ફરીયાદ ફાઈલ કરવામાં આવે અને જો આરોપી વિદેશ જતા રહેલ હોય તો ફરીયાદપક્ષને નુકશાન થાય. આમ તે રીતે પણ કાયમી ધોરણે પાસપોર્ટ પરત આપવો જરુરી  જણાતો ન હોય  તેમજ ઉપરોકત જણાવેલ કારણોસર  ડીફોલ્ટ જામીન અરજી અન્વયે થયેલ હુકમમાં જણાવેલ શરત નં.૬ પણ રદ કરવી અત્રેની અદાલતને ઉચીત જણાતી ન હોય  હાલની  અરજી તે રીતે  મંજુર થવા પાત્ર જણાતી   ન હોય ન્યાયના હીતમાં નીચે  મુજબનો  હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

અરજદાર/આરોપી વૈભવ બેદ ની  હાલની અરજી આથી નામંજુર ( રદ) કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ૧૩  મી માહે જુન સને ૨૦૨૨ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી  જાહેર કર્યો.

તા.૧૩/૦૬/૨૦૨૨<br>
અમદાવાદ.

(બી.એચ.કાપડીયા)<br>
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
અમદાવાદ, કોડ નં.જીજે૦૦૬૮૭